# Official Spokesperson's response to media queries on developments on the LAC

May 14, 2020

# વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર વિકાસો પર મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

મે 14, 2020

**વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર વિકાસો પર પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અઝિકૃત પ્રવક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું:**

"ભારત-ચીન સીમા પ્રાંતોનાં તમામ ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ જાળવી રાખવાને ભારત અને ચીન સૌથી વધારે મહત્વ આપે છે. વડાપ્રધાન મોદી અને ચીનનાં રાષ્ટ્રપતિ શી જિનપિંગ દ્વારા વુહાન (2018) અને ચેન્નાઈ (2019) માં તેઓનાં અનૌપચારિક શિખર સંમેલનોમાં પુનઃપુષ્ટિ કરવામાં આવી હતી કે બન્ને પક્ષો સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરવાનું ચાલું રાખશે. દ્વિપક્ષિય સંબંધોનાં એકંદર વિકાસ માટે આ અતિ મહત્વપૂર્ણ છે.

બન્ને આગેવાનોએ પારસ્પરિક અને સમાન સુરક્ષાનો સિદ્ધાંત, અને સીમા ક્ષેત્રોમાં ઘટનાઓ અટકાવવા પ્રવર્તમાન સંસ્થાગત વ્યવસ્થાઓ માહિતીની આપ-લે કરવાની યંત્રણાઓ મજબૂત કરવા સહિત બન્ને પક્ષો વચ્ચે સંમત થયેલા વિવિધ વિશ્વાસ નિર્માણનાં પગલાઓનું નિષ્ઠાપૂર્વક અમલીકરણ કરવા તેઓનાં સૈન્યોને નિર્દેશિત પણ કર્યા છે. પરિણામ સ્વરૂપે, ભારત-ચીન સીમા મહદંશે શાંતિપૂર્ણ રહી છે.

પ્રસંગોપાત, જોકે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) નાં એલાઈનમેન્ટનાં દ્રષ્ટિકોણમાં ભિન્નતાનાં કારણે, જમીન પર પરિસ્થિતિઓ ઉદ્ભવી છે જેને જો આપણો વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) નો દ્રષ્ટિકોણ સામાન્ય હોત તો ટાળી શકાઈ હોત. જ્યારે આવી પરિસ્થિતિઓ ઉદ્ભવે ત્યારે તેઓનું નિરાકરણ લાવવા બન્ને પક્ષોએ બોર્ડર પર્સનલ મીટિંગ, ફ્લેગ મીટિંગો, અને ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી યંત્રણા તથા રાજદ્વારી માર્ગો સહિતની યંત્રણાઓ સ્થાપિત કરી છે.

ભારત-ચીન સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ જાળવવાનાં ધ્યેય તરફ ભારતીય પક્ષ કટિબદ્ધ રહે છે."

**નવી દિલ્હી**
**મે 14, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.